GUJARATI / ગુજરાતી

Time : 3 Hours] [Total Marks : 100

**સૂચના :** પરીક્ષાર્થીએ પોતાનું નામ, ગામ કે સરનામું કે કોઈ ઓળખ ઉત્તરવહીમાં ક્યાંય પણ લખવી નહીં.

૧ નીચેના પરિચ્છેદનું ૧/૩ ભાગમાં સાર લેખન કરો અને તેને યોગ્ય શીર્ષક આપો : ૧૦

આપણને કંઈક એવો ખ્યાલ હોય કે અત્યારે જે લોકોના હાથમાં રાજવહીવટની સત્તા છે તેને બદલે તે આપણા હાથમાં આવે તો આપણે વધારે કામ કરી શકીએ, તો એ ખ્યાલ ભૂલભરેલો છે. ખુદ મારા હાથમાં સત્તા હોત તો હું પણ ઝાઝું કામ ન કરી શકત. એનું કારણ એ છે કે સરકાર કદી ક્રાંતિકારી હોતી નથી. સરકાર તો આમજનતાનું પ્રતિબિંબ હોય છે. એને જ લોકશાહી કહે છે. લોકો બૂરી વસ્તુ પસંદ કરશે, તો લોકશાહી સરકાર પણ બૂરી વસ્તુ પસંદ કરશે. વધુમતી સંખ્યાને દારૂ પીવો હશે, તો સરકાર દારૂબંધી નહીં કરી શકે. કોઈ સરકાર કાયદાથી ન્યાતજાત વગરનો સમાજ રચી શકશે ખરી કે ? સરકાર જો ખરેખર પ્રજાસત્તાક હોય, તો એમાં પ્રજાનું દર્શન થયા વિના કેમ રહે ? એથી ઊલટી સ્થિતિ હશે તો એ સરકાર સારી હશે તો યે લોકશાહી સરકાર નહીં હોય, આથી જે લોકો નવો સમાજ રચવા માગે છે તેમને રાજ્યસત્તાનું ક્ષેત્ર છોડીને કામ કરવું પડે છે અને તેવા કામમાંથી જ ક્રાંતિ કરવાને જરૂરી સત્તા એ લોકો મેળવે છે. બુદ્ધ ભગવાન સમાજમાં ક્રાંતિ કરાવવા માગતા હતા, એટલે તો એમને પોતાના હાથમાં હતું તે રાજ્ય પણ છોડવું પડેલું.

રાજ્યસત્તા હાથમાં રાખીને તેઓ ક્રાંતિ ન કરાવી શકત — બહુ તો એક સારા રાજા થઈ ગયા હોત, પરન્તુ ક્રાંતિકાર ન થયા હોત. અકબર ઘણો સારો રાજા હતો, પણ તે ક્રાંતિકારી નહોતો. બુદ્ધે ક્રાંતિ કરી, ઈશુએ ક્રાંતિ કરી, ગાંધીજીએ ક્રાંતિ કરી; પરન્તુ એ સૌએ ઉપાસના કરી નૈતિક શક્તિની. નૈતિક શક્તિ નિર્માણ કરવાનું સરકારનું ગજું હોતું નથી. તે તો એ શક્તિની પાછળ પાછળ ચાલે છે.

- *વિનોબા ભાવે*

૨ તમારા વિસ્તારમાં થયેલી ગંદકીના ઉપાય માટે મ્યુનિસિપાલિટીના આરોગ્ય ખાતાને પત્ર લખો. ૧૦

અથવા

૨ બોર્ડની પરીક્ષામાં નાપાસ થવાને કારણે હતાશ થયેલા તમારા મિત્રને આશ્વાસન આપતો પત્ર લખો. ૧૦

૩ વૃક્ષો કપાતાં અટકે અને જંગલની જાળવણી થાય એ અંગે વર્તમાનપત્રને ચર્ચાપત્ર લખો. ૧૦

અથવા

૩ શિક્ષણનું માધ્યમ માતૃભાષા કે અન્ય ભાષા હોવી જોઈએ એ વિશેના તમારા વિચારો વર્તમાનપત્રને ચર્ચાપત્રરૂપે જણાવો. ૧૦

૪ અતિવૃષ્ટિને કારણે શહેરમાં થયેલી તારાજીનો અહેવાલ વર્તમાનપત્રને મોકલો. ૧૦

અથવા

૪ મહિલા સબઈન્સ્પેક્ટરે વાહનચાલક યુવતીને તમાચો મારતા મામલો બિચક્યો હતો - તેનો આંખે દેખ્યો અહેવાલ વર્તમાનપત્ર માટે તૈયાર કરો. ૧૦

૫ નીચેનામાંથી કોઈ પણ એક વિષય પર નિબંધ લખો : ૨૦

(૧) તમારું ભાવિ તમારા જ હાથમાં

(૨) મારા સ્વપ્નનું ભારત

(૩) આજના શિક્ષણની સ્થિતિ-ગતિ

(૪) ઉપવાસ : એક હથિયાર

(૫) આપણો નાગરિક ધર્મ

૬ નીચેનામાંથી કોઈ પણ બેનો વિચારવિસ્તાર કરો : ૧૦

(૧) કદમ અસ્થિર હો તેને કદી રસ્તો નથી જડતો,
અડગમનના મુસાફરને હિમાલય પણ નથી નડતો.

(૨) કોઈનોય સ્નેહ ઓછો હોતો નથી,
આપણી અપેક્ષાઓ જ વધારે હોય છે.

(૩) વ્યક્તિ મટી હું બનું વિશ્વ માનવી,
માથે ધરું ધૂળ વસુન્ધરાની.

૭ (ક) સંધિ છૂટી પાડો : (કોઈ પણ **બે**) ૨

ગાયક

ઉન્નતિ

મહેશ

જગદંબા

(ખ) સમાસોનો વિગ્રહ કરી તેને ઓળખાવો : (કોઈ પણ **બે**) ૨

લાભાલાભ

બાહુબળ

ગિરિધર

ઘોડાગાડી

(ગ) સમાનાર્થી શબ્દ આપો : (કોઈ પણ **બે**) ૨

વિપુલ

નિર્ભય

દીન

રાત્રિ

(ઘ) વિરુદ્ધાર્થી શબ્દ આપો : (કોઈ પણ **બે**) ૨

અભિમાની

અનુકૂળતા

અતિવૃષ્ટિ

પ્રાચીન

(ચ) સાચી જોડણી લખો : (કોઈ પણ **બે**) ૨

કિર્તી

સુશ્રુશા

કારકીર્દી

નીમણુંક

(છ) શબ્દસમૂહ માટે એક શબ્દ આપો : (કોઈ પણ **બે**) ૨

(૧) સાચવી રાખવા સોંપેલી વસ્તુ

(૨) જેનો કોઈ શત્રુ નથી તેવો

(૩) પગથી માંડીને માથા સુધી

(૪) જેમાંથી વસ્તુ ખૂટે નહિ તેવું પાત્ર

(જ) કહેવતોનો અર્થ સ્પષ્ટ કરો : **(કોઈ પણ બે)** ૨

(૧) દુકાળમાં અધિક માસ

(૨) ધરમ કરતાં ધાડ પડવી

(૩) મગનું નામ મરી ન પાડવું

(૪) સૂંઠને ગાંગડે ગાંધી

(ઝ) રૂઢિપ્રયોગોનો અર્થ સમજાવી તેનો વાક્યમાં પ્રયોગ કરો. : **(કોઈ પણ ત્રણ)** ૬

(૧) આંખ લાલ કરવી

(૨) કૂખ લજાવવી

(૩) ખાંડાની ધારે ચાલવું

(૪) ઈડરિયો ગઢ જીતવો

(૫) મોંમાં આંગળાં નાખવાં

(૬) ઠંડે પાણીએ નાહી નાખવું

૮ નીચેના પરિચ્છેદનો અંગ્રેજીમાં અનુવાદ કરો : ૧૦

પુસ્તકાલય એ જ્ઞાન પ્રાપ્ત કરવા માટેનું મહત્ત્વનું સાધન છે. મનુષ્યના આત્માના, મનના તથા બુદ્ધિના વિકાસ માટે જ્ઞાન આવશ્યક છે. જ્ઞાન જેવું પવિત્ર જગતમાં બીજું કશું નથી. અજ્ઞાન જો અંધકાર છે, તો જ્ઞાન એ જ્યોતિનું સ્વરૂપ છે. આ જ્ઞાન આપણને પુસ્તકાલયમાંથી મળે છે, કારણ કે પુસ્તકાલયમાં ભિન્ન ભિન્ન શાખાઓના ગ્રંથો સચવાયા હોય છે. શિક્ષિત લોકો માટે પુસ્તકો આશીર્વાદ સમાન છે. વ્યક્તિત્વના સર્વાંગી વિકાસ માટે પુસ્તકાલય ઉત્તમ સાધન બની રહે છે. અનેક મહાપુરુષોએ પુસ્તકાલયોનો ઉપયોગ કરીને પોતાના વ્યક્તિત્વનો વિકાસ કર્યો છે. પુસ્તકાલયને 'લોકશાહીનું મંદિર' કે મોટું તીર્થસ્થાન પણ માનવામાં આવે છે.

---